# છાપરા પર પાંખો

'મંજુ, એય મંજુ ઊઠ... મંજુ ઊઠ જલદી.'

મંજુની ભ્રમરો ખેંચાઈ અને ઢળેલાં પોપચાં તળેની કીકી સળવળી. બેઠાં થતાં એને શ્રમ પડ્યો. ખોળામાં બે હાથનો ખોબો બનાવી બેઠે બેઠે ઊંઘતી રહી. આદત મુજબ થોડી થોડી વારે હાથનો ખોબો ઊંચોનીચો થઈ જતો.

'મંજુડી, ઊઠે છે કે નહીં? તારી મા ક્યાં મરી ગઈ?' શબ્દોની થપાટ એના કાનમાં વાગી અને મંજુની આંખો ખૂલી ગઈ. એણે જોયું કે, ઉઘાડા દરવાજાથી સાપની જેમ સરકતો આછો પ્રકાશ એનાથી બે વેંત છેટો પહોંચી ગયો હતો, જેને જોઈને ઘરનું અંધારું ઉંદરની જેમ ખૂણામાં ઢગલો થયેલા સામાન પાછળ ભરાઈને ડોકિયાં કાઢતું હતું.

એના ઘરમાં બાજુવાળી રમીલાકાકી ખભા અને કાન વચ્ચે મોબાઈલ ભરાવી, વાંકી ડોક કરીને એક એક ડબ્બા ફંફોસીને એનો ઘા કરતી હતી. મંજુએ હોઠના કિનારેથી નીતરતી લાળ પર બણબણતી માખી ઉડાડી, જે એના નાક પર જઈ બેઠી. આમતેમ હાથ વીંઝતી મંજુ પર રમીલાએ ઘા કરેલા ડબ્બાનું ઢાંકણું અથડાયું અને ખાલી ડબ્બો ઊછળીને એના ખોળામાં પડ્યો. ડબ્બાની ફાટેલી ધાર જોઈને મંજુને એની માના કપાળ પરનો લિસોટો યાદ આવ્યો. બહુ વખત પહેલાં જ્યારે એની મા અડધી રાતે ભાગી ગયેલી ત્યારે મારી-ઝૂડીને લોકો પકડી લાવેલા. જયુના મનુમામાએ સળિયાથી મારેલી ત્યારે કપાળથી કાન સુધી લંબાયેલા લિસોટાનો ઘા રૂઝાયો તો હતો, પણ એનો ડાઘ એમનેમ રહેલો.

ગાળો બોલતી રમીલાકાકી ખૂણામાં ઢગલો કરેલાં કપડાં ફેંદવા લાગી અને મંજુ ઊભી થઈને દરવાજા પાસે આવી. દરવાજાથી સીડી વચ્ચેની જગ્યા પર ચાર પગ ફેલાવીને કાળી બિલાડી પડી હતી, જે મંજુને જોઈને આળસ મરડી ઊભી થઈ.

'કવ તો છું ભાગી ગઈ, કીધું'તું ને કે એન દબાઈન... હવ મનુડાને તો...' વાસણોના અવાજમાં તૂટક શબ્દો સંભળાયા.

ગટરની પાસેના પાટા પરથી એક સુપરફાસ્ટ ટ્રેન દોડતી હતી. મંજુ એના ડબ્બા ગણવા લાગી પણ ચારેક ડબ્બા ગણ્યા ત્યાં તો પેલી કાળી બિલાડી એના પગમાં ભરાઈને શરીર ઘસવા લાગી અને મંજુ એને હટાવવામાં પડી. સીડી ઊતરતાં મંજુને મા સાથેનો એક સંવાદ યાદ આવ્યો અને એ ઊભી રહી ગઈ.

'મા, આ ટ્રેન ક્યાં જાય છે?'

'દૂર.'

'દૂર એટલે કેટલે દૂર?'

'જ્યાં આપણે ના પહોંચી શકીએ તેટલે.'

'આ ટ્રેનમાં બેસીએ તો પહોંચી જવાય?'

'હા.'

'આ ટ્રેન ક્યારે ઊભી રહે? એમાં ક્યારે બેસાય?'

'જ્યારે તું એના બધા ડબ્બા ગણી લે ત્યારે.'

એ વિચારી રહી - માએ ક્યારે બધા ડબ્બા ગણ્યા, મને કહ્યું પણ નહીં.

મંજુ જયુના ઘરની અડોઅડ બાંદરા સ્ટેશનથી બાંદરા વેસ્ટ તરફ જતા બ્રિજ પરથી થોડાઘણા લોકોને કામે ભાગતા જોઈ રહી અને 'ભાગી ગઈ, ભાગી ગઈ...' બબડતી એના અર્થને સમજવા મથી રહી. થોડી વાર રહીને એ સીડી ઊતરવા લાગી. સામે જ્યાં નજર જાય ત્યાં સુધી ફેલાયેલા કચરાના ઢગલામાં ખુલ્લા પગે પસાર થતી વખતે એણે વિચાર્યું કે મા પણ અહીંથી

જ પસાર થઈ હશે? જોકે માના પસાર થયાનાં કોઈ એંધાણ ત્યાં એને મળ્યાં નહીં, આમેય કચરામાં કચરા સિવાય શું મળે...એ ગટરની પાળી પર લેગીન્સ કાઢીને બેઠી. ઘડીક જયુના તો ઘડીક પોતાના ઘરના દરવાજા આગળ તાકી રહી. બંને ઉઘાડા દરવાજાની અંદર એ જ જૂનું અંધારું દેખાયું. જયુના ઘરમાંથી ઉઘાડા શરીરે મૉન્ટી આવીને દરવાજે ઊભો રહ્યો અને મંજુ તરફ જોઈને બ્રેડના ડૂચા ભરતો હતો. મંજુ લેગીન્સ ચઢાવી જમણી બાજુ ચાલવા લાગી. એણે જોયું કે આસપાસના ઘરમાંથી નીકળીને સ્ત્રીઓ એના ઘરની સીડીઓ ચઢતી હતી.

મંજુ આગળ જતાં ગટરની ડાબી બાજુએ આવેલી બે મોટી પાઇપની વચ્ચે બનાવેલા કબૂતરના કબાટ પાસે આવી. જયુએ કબાટ ઉઘાડી દીધેલું અને કબૂતરો એની આજુબાજુ ઊડાઊડ કરતાં હતાં.

‘કેમ આજે બ્રિજ પર ન આવી.’

‘મારી મા ભાગી ગઈ.’ બોલતી વખતે જરા સરખો પણ સંકોચ એની જીભને નડ્યો નહીં.

‘સારું થ્યું નો આવી, આજે ઑફિસું બંધ હતી, મૉન્ટી કેતો’તો આજે બુધ ભગવાનની પૂર્ણિમા છે એટલે.’

‘કેટલા મળ્યા?’

‘બાવીસ... પણ ઘરમાં પંદર જ આપ્યા.’

બેઉ એકબીજાને જોઈને હસ્યાં, પછી તાળી આપી.

એક સફેદ કબૂતર મંજુ પાસે આવીને બેઠું. મંજુએ એને પકડીને વહાલ કર્યું. એક બિલાડો એકાએક નજીક આવી ગયેલો જોઈને જયુએ એને લાકડી ફટકારી.

મંજુએ હાથ ઊંચા કરી કબૂતર ઉડાડ્યું પણ કબૂતર થોડું ઊડીને પાછળ પાઇપ પર જઈ બેઠું.

‘તે શર્ટ કેમ કાઢી નાખ્યું?’

‘બઉ ગરમી લાગે છે, તને નથી લાગતી?’

મંજુએ હા-માં માથું ધુણાવ્યું.

'તો કાઢી નાખ તું પણ...'

મંજુ ટી-શર્ટ કાઢવા જ જતી હતી ને એવામાં પાછળ કોઈએ જોરદાર ધબ્બો માર્યો હોય એમ એ હચમચી ગઈ. એક વાર સવારે ગટર પાસે સંડાસ કરવા ગયેલી ત્યારે ગટરના ખદબદતા કચરામાં જોયેલું રેશમાનું કપડાં વગરનું લોહીલુહાણ શરીર એની આંખો સામે આવી ગયું. એણે જ તો બૂમો પાડીને બધાને ભેગા કરેલા. ત્યાર પછી તો લગભગ છએક મહિના સુધી દિવસ-રાત પોલીસ આંટાફેરા કર્યા કરતી. માએ તો બ્રિજ પર ભીખ માગવા પણ જવાની ના પાડેલી અને મૉન્ટીથી તો દૂર જ રહેવા કહેલું. એણે માને બીજી સ્ત્રીઓ સાથે વાત કરતાં સાંભળેલી કે રેશમાનો રેપ અને હત્યા પાછળ પાંચ-છ લોકો હતા જેમાંથી એક મૉન્ટી અને એના મનુમામા પણ હતા.

મનુમામા તો પાછા ક્યારે આવ્યા નહીં કે પછી આવેલા? - મંજુ વિચારવા લાગી.

'મનુ બસ કર... મનુ જા હવે...' અડધી રાતે મા કણસતાં આવું બોલતી, પણ મંજુ એની પથારીમાંથી હલી શકતી નહીં.

મંજુએ ટીશર્ટ સરખું કર્યુ એવામાં સામેથી મૉન્ટી આવ્યો.

'એય...જયુ, આ કબૂતરોને પકડી લાય.'

જયુએ એક કબૂતર પકડીને મૉન્ટીને આપ્યું. મૉન્ટીએ ખિસ્સામાંથી કાતર કાઢી. જયુએ કબૂતરની પાંખ પકડી અને મૉન્ટીએ પાંખની નીચેના પીંછા કાપવા માંડ્યા.

મંજુ ભડકીઃ 'જયુ છોડ એને... એ મારું કબૂતર છે.'

'તારું ક્યારથી થઈ ગયું?' મૉન્ટીએ પાંખ કાપતાં કહ્યું.

'મને ગમે છે એ કબૂતર.'

'આ તો ખાલી પાંખ જ કાપું છું એટલે બહુ ઊડી ના શકે. હજુ એને ખાવાની તો વાર છે.' પછી જયુ અને મૉન્ટી બેઉ હસ્યા.

મંજુ પાઇપ કૂદીને દોડી ગઈ.

પતરાનાં ઘરો વચ્ચેની અંધારી ગલીઓમાંથી નીકળીને મંજુ રિક્ષાસ્ટેન્ડ આગળ આવી. સલમા ટેબલ નાખીને સિગારેટનાં પૅકેટ અને ચૉકલેટનો ડબ્બો લઈને બેઠી હતી.

'મંજુડી, તું અહીંયાં છે? પણ મેં તો હાંભળ્યું કે તારી મા નાસી ગઈ? અલી, તને મેલીને નાસી ગઈ?'

એણે તમાકુમાં ચૂનો ભેળવ્યો અને ઘસવા લાગી. 'એકલી ભાગી ગઈ કે કોઈની હારે?' પછી તમાકુ પર હાથ મારીને ઉડાડતા બોલીઃ 'તને મરવા મેલતી ગઈ એમ?'

'પણ તું ચિંતા નો' કર. રમલી હાચવશે તને. આખરે લોહી તો...'

તમાકુ મોઢામાં દાબીને એક ચૉકલેટ એની સામે ધરી અને પછી ગ્રાહકોને સિગારેટ આપવામાં અને લાઇટરથી સળગાવી આપવામાં વ્યસ્ત થઈ ગઈ.

મંજુના મગજમાં 'મને એકલી મેલીને નાસી ગઈ?' વાક્ય પડઘાવા લાગ્યું. મંજુને હજુ પણ એવું જ લાગતું હતું કે એની મા કલાનગરના સિગ્નલથી પાછી આવશે અને 'મંજુ, ચલ ખાવા.' કહીને એને ઘેર લઈ જશે.

મંજુ ત્યાં બેઠી બેઠી કચરામાં પડેલી કાળી પોલીથિનની થેલીઓને જોતી બેઠી રહી. કચરામાં દબાયેલી થેલીઓ જરા સરખી હવાથી ફરફરી ઊઠતી પણ ઊડી ન શકતાં હાર માનીને ફરી ઢળી પડતી.

જયુએ બ્રિજ પરથી મંજુને બૂમ મારી. મંજુ ત્યાં ગઈ તો રમીલાકાકીએ સફેદ ગૂણી મંજુને પકડાવી અને કહ્યુંઃ 'મંજુડી, અહીંથી છાપરા પર ઊતર અને ત્યાં જેટલી પ્લાસ્ટિકની બૉટલો દેખાય છે એ ભેગી કરી લે. બીજી કોઈ હારી વસ્તુ દેખાય તો ઇયે લઈ લેજે.'